પ્રેસ જાહેરાત PRESS RELEASE

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA

વેબસાઇટ/Website : www.rbi.org.in
ઈ-મેલ/email : helpdoc@rbi.org.in

**સંચાર વિભાગ,** કેન્દ્રીય કાર્યાલય, શહીદ ભગતસિંહ માર્ગ, ફોર્ટ, મુંબઈ-400001
**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai-400001 ફોન/Phone: 022- 22660502

આઝાદી કા અમૃત મહોત્સવ

19 ડિસેમ્બર 2022

**ભારતીય રિઝર્વ બેન્ક સરસપુર નાગરિક સહકારી બેંક લિ., અમદાવાદ (ગુજરાત) પર નાણાકીય દંડ લાદ્યો**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ, 16 ડિસેમ્બર 2022 ના આદેશ દ્વારા, 'પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો દ્વારા વૈધાનિક અનામતની જાળવણી - રોકડ અનામત ગુણોત્તર (CRR) અને વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (SLR)' પર RBI દ્વારા જારી કરાયેલા નિર્દેશોના ઉલ્લંઘન માટે સરસપુર નાગરિક સહકારી બેંક લિ., અમદાવાદ (ગુજરાત) (બેંક) પર ₹2.00 લાખ (માત્ર બે લાખ રૂપિયા) નો નાણાકીય દંડ લાદ્યો છે. આ દંડ RBI દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું પાલન કરવામાં બેંકની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 46 (4) (i) અને 56 સાથે વાંચેલી કલમ 47 A (1) (c) ની જોગવાઈઓ હેઠળ RBI ને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને લાદવામાં આવ્યો છે.

આ કાર્યવાહી નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા પર પ્રશ્ન ઉઠાવવાનો નથી.

**પૃષ્ઠભૂમિ**

31 માર્ચ 2019 ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં RBI દ્વારા હાથ ધરવામાં આવેલ બેંકનું વૈધાનિક નિરીક્ષણ, અને નિરીક્ષણ અહેવાલની તપાસ અને તેને લગતા તમામ સંબંધિત પત્રવ્યવહારમાં બહાર આવ્યું છે કે, બેંકે ન્યૂનતમ રોકડ અનામત ગુણોત્તર (CRR) જાળવી રાખ્યો નથી, જેના પરિણામે RBI દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું ઉલ્લંઘન થાય છે. આ સંબંધમાં, બેંકને નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં તેને કારણ બતાવવાની સલાહ આપવામાં આવી હતી કે RBI દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ શા માટે લાદવામાં ન આવે.

નોટિસ પર બેંકના જવાબને ધ્યાનમાં લીધા પછી, RBI એ નિષ્કર્ષ પર પહોંચી કે ઉપરોક્ત ચાર્જ પ્રમાણિત હતો અને નાણાકીય દંડ લાદવાની જરૂર હતી.

**(યોગેશ દયાળ)**
મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ જાહેરાત: 2022-2023/1401**